વંચાણે લીધાઃ- કુલસચિવશ્રીની કચેરીનાં પરિપત્ર ક્રમાંક નકૃયુ/રજી/એડીએમ-2 શાખા/12844-93/તા.26-09-16.

# પરિપત્ર

(તાકિદનું--સમય મર્યાદા)

વિષયઃ- Plan / Non-Plan યોજનામાં ઉચ્ચતર પગારધોરણ /કેરીયર એડવાન્સમેન્ટની માહિતી બાબત...

નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તક ચાલતી પ્લાન/નોનપ્લાન યોજનાનાં નાણાંકીય વર્ષ 2016-17 નાં રીવાઈઝ બજેટ અને નાણાંકીય વર્ષ 2017-18 નાં સ્થાયી બજેટ તૈયાર કરી સરકારશ્રીને સમય મર્યાદામાં રજુ કરવાનાં રહેતાં હોય, અત્રેની યુનિવર્સિટીનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીઓને જે જગ્યા માટે ઉચ્ચતર પગારધોરણ/કેરીયર એડવાન્સમેન્ટનો લાભ મળવાપાત્ર થતો હોય તેની માહિતી કુલસચિવશ્રીની કચેરીનાં સંદર્ભિત પરિપત્રમાં આપેલ નમૂનામાં દિન-3 માં તાત્કાલિક મોકલી આપવા જણાવવામાં આવેલ હતું. પરંતુ મોટાભાગની કચેરીઓએ આ માહિતી રજુ કરેલ નથી.

ઉપરોક્ત જણાવેલ માહિતી તાત્કાલિક આ કચેરીને <u>તા.03-10-2016</u> સુધીમાં અચૂક રજુ કરી આપવા જણાવવામાં આવે છે, જે કચેરીઓની સમય મર્યાદામાં આ કચેરીને માહિતી મળશે તેની વિગત બજેટમાં રજુ કરવામાં આવશે અને તેવી જ કચેરીનાં આવા ઉચ્ચતર પગારધોરણ કે કેરીયર એડવાન્સમેન્ટનાં એરિયર્સનાં બીલો જે તે નાણાંકીય વર્ષમાં ચૂકવવામાં આવશે. જે કચેરીઓએ આવી માહિતી રજુ કરેલ નથી તેઓની કચેરીનાં આવા એરિયર્સનાં બીલોની ચૂકવણી અત્રેથી કરવામાં આવશે નહીં અને આ બાબતે જે કાંઈ નાણાંકીય પ્રશ્નો ઉપસ્થિત થાશે તેની સંપૂર્ણ જવાબદારી માહિતી નહીં મોકલનાર કચેરીનાં વડાશ્રીની રહેશે. જેની સર્વેએ નોંધ લેવા વિનંતી.

હિસાબ નિયામક

---

જા.નં.નકૃયુ/કોમ્પ્ટ/બજેટ-3/નોનપ્લાન/4018/2016

હિસાબ નિયામકશ્રીની કચેરી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી. તા.01-10-2016

**<u>નકલ સવિનય રવાનાઃ</u>-**

1. કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
2. અત્રેની યુનિવર્સિટીના સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ અમલ થવા સારૂ...
3. વહિવટી-વ-હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
4. આ કચેરીની હિસાબી અધિકારીશ્રી(કેશ) શાખા તરફ....